# હાર્દિક પટેલની માણસા સભાની છેલ્લી ઘડીએ મંજુરી રદ

## સત્તાધિકારીઓએ સભાના સ્ટેજ ઉપર નોટીસ ચોંટાડી દઈ સભા સ્થળ બદલવા આદેશ કર્યો : આ સ્થળે જ સભા કરવા પાસ મક્કમ

ગાંધીનગર, તા. ૧૭

પાટીદાર અનામત આંદોલન સમિતિ (પાસ)નાં હાર્દિક પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે મહાસભાનું આયોજન કરવાની જાહેરાત બાદ સભાની મંજુરી પણ તંત્ર દ્વારા અપાઈ દેવાઈ હતી. સભા સ્થળે મંડપ અને સ્ટેજને આખરી ઓપ અપાઈ રહ્યો હતો ત્યાં છેલ્લી ઘડીએ તંત્ર દ્વારા સભાની મંજુરી રદ કરી સ્ટેજ પર નોટીસ ચોંટાડી દેવાતા મામલો ગરમાયો છે. તો બીજી તરફ પાસ આ જ સ્થળે સભા કરશે તેવી જાહેરાત થતા આવતી કાલે માણસામાં ઘર્ષણ થાય તેવી શક્યતાઓ સર્જાઈ છે.

હાર્દિક પટેલના સીડી કાંડ બાદ હાર્દિકે જાહેરાત કરી હતી કે આ મામલે તે માણસા ખાતેની જાહેર સભામાં ઘટસ્ફોટ કરશે. માણસાની સભાને તંત્ર દ્વારા મંજુરીઓ મળી જતા સભા સ્થળે મંડપ અને સ્ટેજ બંધાઈ દેવાયા છે. આવતીકાલે પાસનું આ મહા સંમેલન માણસામાં યોજાય તે પહેલા જ તંત્ર દ્વારા અચાનક મંજુરી રદ કરી સભા સ્થળ બદલવાનો આદેશ આપી દેવામાં આવ્યો છે. નગરપાલીકાના ચિફ ઓફિસરના આદેશવાળી નોટીસ સત્તાધિકારીઓ દ્વારા આજે સ્ટેજ પર ચિપકાવી દેવામાં આવી છે. જેમાં સ્પષ્ટ લખવામાં આવ્યું છે કે 'સ્નેહમિલન સંમેલનની મંજુરી રદ કરવામાં આવી છે જે અન્વયે આપને ધ્વની સંદેશ તેમજ સ્થળ પર મંડપ તેમજ અન્ય સામગ્રી દૂર કરવા જણાવવા છતાં આપના દ્વારા દૂર ન કરાતા સ્થળ પરથી મંડપ તેમજ અન્ય સામગ્રી દૂર કરવાની અમોને ફરજ પડશે. તંત્ર દ્વારા અચાનક સભાની મંજુરી રદ કરવા પાછળનું કારણ બતાવવામાં આવ્યુ છે કે આ સ્થળે સભા થવાથી અન્ય જ્ઞાતિ-જાતિઓ નારાજ થશે. સભા સ્થળ બદલવાની સલાહ તંત્ર દ્વારા આપવામાં આવી છે. તો બીજી તરફ પાસના અતુલ પટેલે જાહેરાત કરી છે કે સભા તો આ જ સ્થળે થશે ભલે તંત્ર મંજુરી ન આપે. આ પરિસ્થિતિ સર્જાતા આવતીકાલે સાંજે યોજાનાર આ સભામાં ઘર્ષણ થાય તેવી શક્યતા નકારી શકાય નહી.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**હવે અમે અમારા પક્ષના યુવાનેતાની સી.ડી. બહાર પાડવાના છીએ... તમે મતદારો એ ધ્યાનથી જોઈને મતદાન કરજો... અમારા નેતા મહિલા સાથે કેટલો ગૌરવપૂર્ણ વ્યવહાર કરે છે...**

# જિલ્લામાં ૮ કરોડ ૧ ૨ લાખની મગફળી ટેકાના ભાવે ખરીદાઈ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધીમાં ૮ કરોડ ૧ ૨ લાખની કિંમતની સરકાર દ્વારા મગફળીની ખરીદી કરવામાં આવી છે. જોકે ખેડૂતોને આ ખરીદી બાદ હજુ સુધી ચુકવણુ કરવામાં નહિ આવતાં કટવાટની લાગણી ઉભી થવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે લાભપાંચમથી જિલ્લામાં ટેકાના ભાવે મગફળી ખરીદવા માટે બે કેન્દ્રો માણસા અને દહેગામ નિયત કરવામાં આવ્યા હતા.

રૂ. ૮ કરોડ ૧ ૨ લાખની મગફળીની ખરીદી આ કેન્દ્રો દ્વારા કરવામાં આવી છે પરંતુ તે અંગેની ચુકવણી હજુ સુધી ખેડૂતોને ન કરવામાં આવતાં ખેડૂતો હવે મુશ્કેલીમાં મુકાયા છે અને કચવાટની લાગણી ખેડૂતોમાં પ્રવર્તી રહી છે.

જિલ્લામાં ૧ ૧ ૦ ૪ ખેડૂતો દ્વારા આ મગફળી વેચવામાં આવી છે. જેમાં દહેગામ તાલુકાના ૮ ૪ ૮ અને માણસાના ૨ ૫ ૬ ખેડૂતો છે. આજે એકજ દિવસમાં ૧ ૧ ૦ ૦ ક્વીન્ટલથી વધુ મગફળીની ખરીદી આ કેન્દ્રો પર કરવામાં આવી હતી.

રવિ સિઝનની વાવણી હવે વેગીલી બની છે ત્યારે ખેડૂતોને પૈસાની જરૂર છે અને મગફળીનું વેચાણ કર્યા પછી હજુ સુધી પૈસા ના મળતાં આ લાગણી તીવ્ર બની રહી છે.





### પદમાવતી ફિલ્મના વિરોધને ધારાસભ્ય અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખનું સમર્થન

સંજય લીલા ભણશાલીની ઐતિહાસિક ફિલ્મ પદમાવતીનો ઠેરઠેર વિરોધ થઈ રહ્યો છે. આ ફિલ્મમાં ઈતિહાસને તોડી મરોડીને રજુ કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરણી સેના દ્વારા કરવામાં આવ્યો છે. ત્યારે ગુજરાતમાં પણ રાજપૂત સમાજના વિવિધ સંગઠનોએ કરણીસેનાને સમર્થન આપ્યું છે.ગુજરાતમાં પણ પુરજોશમાં આ ફિલ્મનો વિરોધ થઈ રહ્યો છે. ગુજરાત સહિત વિરોધનો વંટોળ સમગ્ર ભારતભરમાં પ્રસર્યો છે. ત્યારે રાજપૂત સમાજની સાથે ક્ષત્રિય ઠાકોર સમાજ, પાટીદાર સમાજ, બ્રહ્મ સમાજ, ઓ.બી.સી. સમાજ, એસ.ટી.સમાજ અને એસ.સી. સમાજે પણ સમર્થન આપ્યું છે. ગુજરાતમાં પદમાવતી ફિલ્મના વિરોધમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ અને ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સુર્યસિંહ ડાભીએ પણ લેખિતમાં સમર્થન આપ્યું છે. આ પ્રસંગે રાજપૂત યુવા વિકાસ પરિષદ ગાંધીનગરના યુવાનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

# મોરબીમાં સ્પેન અને પોલેન્ડ સીરામીક ઈન્સ્ટિટ્યૂટ લેબોરેટરી સ્થાપશે : એમઓયું

## સ્પેન-પોલેન્ડની મુલાકાતની ફલશ્રુતિ : મોરબી સીરામીક એસોસિએશનને મળી મોટી આંતરરાષ્ટ્રીય સફળતા

ગાંધીનગર, તા. ૧૭

વાઈબ્રન્ટ સીરામીક એક્સપોના પ્રમોશન માટે સ્પેન,પોલેન્ડના દેશોના સિરામિક સાથે જોડાયેલી સંસ્થાના અધિકારીઓ સાથે મોરબી સિરામિક એસો. વાઈબ્રન્ટ સીરામીક સમિટમાં મોરબી ખાતે સ્પેન અને પોલેન્ડની વિખ્યાત ઈન્સ્ટિટ્યૂટ મોરબીમાં ટેક્નિકલ લેબ ખોલવાની દરખાસ્તને મંજૂરી આપી એમઓયુ કર્યા છે.



પ્રાપ્ત વિગતો મુજબ વાઈબ્રન્ટ સીરામીક સમીટના બીજા દિવસે મીરબીના સીરામીક ઉદ્યોગ માટે ખુશીના સમાચાર મળ્યા છે કારણ કે સ્પેન અને પોલેન્ડે મોરબી ખાતે અદ્યતન સીરામીક લેબ ખોલવા એમઓયુ કર્યા છે જેને પગકે હોવી મોરબીમાં ઉત્પાદન થતી ટાઈલ્સ અને સેનેટરીવેર્સ પ્રોડક્ટ ઈન્ટરનેશનલ અને યુરોપિયન સ્ટાન્ડર્ડ મુજબ નિર્માણ કરી શકશે.

આ સમિટ અગાઉ મોરબીના ડેલીગેશને સ્પેનના કેસ્ટેલીયોનમાં સ્પેન યુનીવૅસીટીમાં આવેલ સંશોધન સંસ્થા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નિકલ ઓફ સીરામીકની મુલાકાત લીધી હતી આ સંસ્થા સીરેમીકમાં સંશોધન કરે છે અને બહુ જુની અને પ્રતિષ્ઠિત સંસ્થા છે.

મોરબી સીરામીક એસોસિએશનએ વિગતવાર માહીતી મેળવી. તેની વિશાળ લેબોલેટરીની મુલાકાત લીધી હતી ત્યાના વૈજ્ઞાનિક મેડમ મારીયાએ સરસ અને વિસ્તૃત માહીતી આપી હતી મોરબીમાં લેબ બનાવીને યુરોપીયન મુજબની સ્ટાન્ડર્ડ માટે સર્ટીફીકેટ આપવાની દરખાસ્ત કરવામાં આવી. જેની તેઓએ તૈયારી બતાવી હતી અને આજે સમિટના બીજા દિવસે લેબ સ્થાપના માટેના એમઓયુ સાઈન થયા હતા.

વધુમાં વાઈબ્રન્ટ સીરામીક એકઝીબીશનમા સ્પેનથી એક સ્પીકર પણ આવ્યા હતા આ ડેલીગેશન સાથે મોરબી સીરામીક એસોસિએશનના કે.જી. કુંડારીયા અને નિલેશભાઈ જેતપરીયા સહિતના સભ્યોએ મહત્વપૂર્ણ એમઓયુ સાઈન કર્યા હતા.

આમ,વાઈબ્રન્ટ સિરામિક એક્સ્પોની ફલશ્રુતિ રૂપે મોરબીના સીરામીક ઉદ્યોગને બહુ મોટો ફાયદો મળ્યો છે અને આવનાર દિવસોમાં મોરબીની સીરામીક પ્રોડક્ટ યુરોપિયન કન્ટ્રીમાં ધૂમ માચાવશે.

# રાયસણથી કોબા સુધીના એપ્રોચ માર્ગના વળતર અંગે ખેડૂતો આંદોલનના મૂડમાં

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર અમદાવાદ માર્ગપર આવેલ રાયસણથી કોબા સુધીના એપ્રોચ માર્ગ માટે જમીન સંપાદન થઈ ગઈ છે. માર્ગ પણ તંત્ર દ્વારા તૈયાર કરી દેવાયો છે. નામદાર કોર્ટના આદેશ છતા હજુ સુધી ખેડુતોને મળવાપાત્ર વળતર મળ્યું નથી. જેને પગલે ખેડુતોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ટુંક સમયમાં વળતર અંગે યોગ્ય નિર્ણય નહીં લેવામાં આવે તો ખેડુતો ઉગ્ર આંદોલન કરવાના મુડમાં જણાયા છે.

રાયસણથી કોબા ગામ સુધીના એપ્રોચ માર્ગ તૈયાર થવા છતા ખેડુતોને વળતર ન મળતા જિલ્લા પંચાયત સદસ્ય ઠાકોર બેચરજી સવધાનજી જણાવે છે કે નામદાર કોર્ટે તા.૧૫-૧૦-૨૦૦૩ના ચુકાદાને સ્વીકારવાને કાયદા વિભાગે નિર્ણય કરેલ છે. તેમ છતા ગાંધીનગર જિલ્લા પંચાયતની બાંધકામ શાખા અને અન્ય કર્મચારી રાયસણ ગામના ખેડુતોને માત્રને માત્ર હેરાન કરવા મળવાપાત્ર લાભથી વંચિત રાખેલ છે. કેસના પ્રમાણપત્રો અને દસ્તાવેજ પર સહીં નહીં કરીને તંત્રના પેટમાં શું દુખે છે તે સમજ ભોળા ખેડુતોને પડતી નથી. ખેડુતોના વળતર અંગેના કેસમાં ઉચ્ચકક્ષાએથી તપાસ થાય અને તપાસના અંતે જવાબદારો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે તેવું ખેડુતો ઈચ્છી રહ્યા છે. જો ખેડુતોના વળતર અંગે સત્વરે નિર્ણય નહીં લેવામાં આવે તો ખેડુતો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે તેમ ઠાકોર બેચરજીએ જણાવ્યું છે.

# ઠંડીનો માહોલ જામતાં રવિસીઝનની વાવણીમાં ખેડૂતો વ્યસ્ત બન્યા

## ઘઉં, બટાટા અને તમાકુના વાવેતરમાં ખેડૂતો વ્યસ્ત : જિલ્લામાં ૧૬ હજારથી વધુ હેક્ટરમાં વાવણી સંપન્ન

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં હવામાનમાં આવેલા પલ્ટાની સાથે ખેડૂતો દ્વારા પૂરજોશમાં વાવણી કાર્ય આરંભી દેવામાં આવ્યુ છે અને બટાટા, તમાકુ તેમજ ઘઉંની વાવણીમાં સારી એવી વૃદ્ધિ જોવા મળી છે. ગત સપ્તાહની તુલનામાં વાવેતર વિસ્તારમાં ૭ હજાર હેક્ટર કરતાં પણ વધુ વાવેતર થયુ છે. ઘઉંનું વાવેતર ૨૯૯૬ હેક્ટર પહોંચ્યુ છે તો તમાકુનુ વાવેતર ૧ ૨૯૫ હેક્ટર અને બટાટાનું વાવેતર ૨૦૧૨ હેક્ટર પર પહોંચી ગયુ છે.

જિલ્લામાં શાકભાજીનું વાવેતર પણ ૧૯૦૦ હેક્ટરને પાર કરી જતાં આગામી દિવસોમાં શાકભાજીની આવક બજારોમાં વધશે તેમ મનાઈ રહ્યુ છે. રાઈનું વાવેતર ૭૪૦ હેક્ટરમાં તો ચણાનું વાવેતર ૫૧૨ હેક્ટરમાં થવા પામ્યુ છે. જિલ્લામાં પશુધન માટે ઘાસચારાનું વાવેતર પણ ૬૪૮૩ હેક્ટરમાં થવા પામ્યુ છે.

હવામાનમાં બદલાવ આવતાં જ ઘઉં અને બટાટાની ખેતી તરફ ખેડૂતો આકર્ષાયા છે અને પરંપરાગત આ ખેતીની વાવણીમાં પણ સારો એવો વેગ જોવા મળી રહ્યો છે. ૧૫ ડિસેમ્બર સુધી ઘઉંની વાવણી સામાન્યતઃ થતી હોય છે પણ સિઝન લેટ ચાલતી હોવાથી ઘઉંનું પણ લંબાશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં તમાકુનું વાવેતર ખાસ કરીને કલકમી તમાકુનું વાવેતર આ વખતે વધુ જોવા મળી રહ્યું છે. ફેર રોપણીના આ પાકમાં ભાવ સારો મળતો હોવાથી ખેડૂતો તેના તરફ વળ્યા હોવાનું મનાઈ રહ્યું છે.

જિલ્લામાં ૧૬ હજાર હેક્ટર કરતાંપણ વધુવિસ્તારમાં વાવેતર સંપન્ન થઈ જવા પામ્યુ છે. રવિસીઝન દરમ્યાન ૬૦થી ૬૫ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થતુહોય છે. અત્યાર સુધીમાં ૧૫ ટકા જેટલુ વાવેતર સંપન્ન થવાનું જાણવા મળેલ છે.





### મગોડી રાહેલબા વૃદ્ધાશ્રમ ખાતે વડીલોને ભોજન અને આરોગ્યલક્ષી સેવા

તાલુકાના મગોડી ગામે રાહેલબા વૃદ્ધાશ્રમ ખાતે વિવિધ સેવાભાવી સંસ્થા દ્વારા વડીલોને ભોજન કરાવીને તેમના આશીર્વાદ મેળવવામાં આવ્યા હતા. આ ઉપરાંત જનસેવા એજ પ્રભુસેવાના મંત્રને ચરિતાર્થ કરવા પ્રેરણાદાયી સંસ્થાઓ દ્વારા સેવાકીય પ્રવૃત્તિને પ્રાધાન્ય આપે છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સહયોગથી આરોગ્યલક્ષી સેવા પ્રદાન કરવા કેમ્પનું આયોજન કર્યુ હતુ. જરૂરિયાતમંદ વડીલોને સાચી માનવીય હૂંફ, સેવા, દવા અને દુઆ આપી સંસ્થા તરફથી દર મહિને મફત આરોગ્ય સેવા પુરી પાડવામાં આવી હતી. આમ સેવાકીય પ્રવૃત્તિથી સંસ્થાના પ્રમુખ નિર્મલાબેન અને યશવંતસિંહ ઝાલાએ સર્વે સેવાભાવી સંસ્થાની પ્રવૃત્તિને બિરદાવી આભાર માન્યો હતો.

# સિવિલમાં ઓર્થોપેડીક વિભાગની જવાબદારી બે ડોકટર્સના શિરે

## છેલ્લા દોઢ વર્ષથી ખાલી પડેલી પ્રોફેસર અને એસોસિએટ પ્રોફેસરની જગ્યા ભરાઈ નથી

ગાંધીનગર, તા.૧૭

પાટનગરમાં મેડીકલ કોલેજને પગલે દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સુવિધામાં વધારો થવા પામ્યો છે. સિવિલ અતિ આધુનિક બનતા દર્દીઓની સંખ્યામાં પણ વધારો થવા પામ્યો છે. જિલ્લાભરમાંથી વિવિધ રોગના દર્દીઓ સારવારઅર્થે અહી આવે છે. હદય થી માંડીને કિડની સુધીની સારવાર સિવિલમાં ઉપલબ્ધ બનતા દર્દીઓ માટે આશિર્વાદરુપ સાબિત થઈ રહી છે. ત્યારે સિવિલ હોસ્પિટલમાં માર્ગ અકસ્માતમાં ઈજા પામેલા દર્દીઓની સંખ્યા સવિશેષ હોય છે. સિવિલનો ઓર્થોપેડીક વિભાગ સતત દર્દીઓથી ધમધમતો હોય છે.પ્રાપ્ત માહિતી અનુસાર સિવિલમાં મેડીકલ કોલેજ બનતા પ્રોફેસર, એસોસિએટ પ્રોફેસર અને આસિસટન્ટ પ્રોફેસરનું મહેકમ હોય છે. જેમાં પ્રોફેસર અને એસોસિએટ પ્રોફેસરી જગ્યા છેલ્લા દોઢ વર્ષથી ખાલીખમ રહેવા પામી છે. જેને પગલે સિવિલનો ઓર્થોપેડીક વિભાગ માત્ર ને માત્ર બે આસિસટન્ટ પ્રોફેસર ડોક્ટર્સ પર ચાલે છે.



દર્દીઓથી ઉભરાતા ઓર્થોપેડીક વિભાગમાં કામનું ભારણ રહેલું છે તેમ છતા તંત્ર દ્વારા બે ડોકટર્સની નિમણુંક કરવામાં આવતી નથી. ત્યારે ઓર્થોપેડીક વિભાગમાં રાઉન્ડ ધ કલોક ડો. બિમલ મોદી અને ડો. નીલ રોહરા સહિત સિનિયર તેમજ જુનીયર ડોક્ટરની ટીમ સતત ખડેપગે દર્દીઓની સેવામાં લાગેલી જોવા મળે છે. હાલના સમયે ઓર્થોપેડીક વિભાગમાં હેડ ઓફ ડિપાર્ટમેન્ટ ન હોવાથી ચાર્જમાં પોસ્ટ ચાલે છે. ત્યારે દર્દીઓથી ઉભરાતી સિવિલમાં જે વિભાગમાં મહેકમ બાકી હોય તે ભરી દેવામાં આવે તો દર્દીઓને સરળતા રહે તેમ લાગી રહ્યું છે. ત્યારે આજના સમયે તો ઓર્થોપેડીક વિભાગ માત્ર બે ડોક્ટરથી જ ઓપીડી, વોર્ડ થી લઈને ઓપરેશન સુધીની કામગીરી ધમધોકાર ચાલે છે. ત્યારે ટુંક સમયમાં ઓર્થોપેડીક વિભાગની આ બે જગ્યા ભરાઈ જાય તેમ સિવિલના અંતરંગ સુત્રોમાંથી જાણવા મળ્યું છે.

# મહાનગર લઘુમતી મોરચાના પ્રમુખ-મહામંત્રીની વરણી

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર મહાનગર લઘુમતી મોરચાના પ્રમુખ અને મહામંત્રીની વરણી કરવામાં આવી છે. ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી તેમજ મહામંત્રી કે સી પટેલ અને લઘુમતિ મોરચાના ગુજરાત પ્રદેશના અધ્યક્ષ સુફિ સંતની સુચનાથી ગાંધીનગર મહાનગરના લઘુમતી મોરચના પ્રમુખ તરીકે રફીક મન્સુરી અને મહામંત્રી તરીકે આરીફ શેખ તથા અશપાકભાઈની વરણી કરવામાં આવી છે.

# માણસામાં કાર્યકરોનો એક અવાજ આયાતી ઉમેદવારથી નુકશાન થશે

## વર્ષોથી ભાજપમાં કામ કરતા કાર્યકરોનો આયાતી ઉમેદવાર સામે આક્રોશ : પક્ષના મોવડીઓ સમક્ષ રજુઆત

ગાંધીનગર તા ૧૭

માણસા વિધાનસભા વિસ્તારમાં આયાતી ઉમેદવારની પસંદગી કરવામાં આવતા ભાજપના પાયાના કાર્યકરોમાં ઉગ્ર આક્રોશ પ્રવર્તયો છે. આયાતી ઉમેદવારે ભાજપની મુળભુત વિચારધારા પણ ધરાવતા ન હોવાનો આક્રોશ સ્થાનિકોમાં પ્રબળ બન્યો છે. વિધાનસભાની ચુંટણીમાં ઉમેદવાર તરીકે તેમની પસંદગીથી પક્ષને પણ મોટુ નુકશાન થશે. આ સ્થિતિ વચ્ચે માણસા ભાજપના આગેવાનો તેમજ કાર્યકરોએ પક્ષના મોવડીઓને આ બાબતોએ ધ્યાન આપી નિર્ણય લેવા માટે લેખિત રજુઆત કરી છે.

માણસા વિધાનસભા વિસ્તારમાં ચુંટણી પર્વે જ રાજકીય માહોલ ડોહ્ળાયો છે. ભાજપના કાર્યકરોમાં અત્યારથી જ નારાજગી જોવા મળી રહી છે. માણસામાં આયાતી ઉમેદવારને ટીકીટ ન ફાળવવાની માંગણી સાથે સ્થાનિક કાર્યકરોએ પણ એક અવાજે સુર ઉઠાવ્યો છે. તેમના જણાંવ્યા મુજબ મા નર્મદા મહોત્સવના રથ વેળાએ પણ મતદારોએ એક જ વાત કરી હતી કે ભાજપમાં જોડાનારા સૌ કાર્યકરોનુ અમે સ્વાગત કરીએ છીએ પરંતુ વર્ષોથી પક્ષમાં કામ કરતા સંનિષ્ટ કાર્યકરોને અન્યાય કરીને આયાતી ઉમેદવારને સ્થાન આપવાની વાત યોગ્ય નથી. કોઈપણ જ્ઞાતિના નાના કાર્યકરને પણ સ્વીકારી લેવા તૈયાર છીએ પરંતુ પક્ષમાં જોડાયેલા આયાતી ઉમેદવાર ભારતીય જનતા પાર્ટીની મુળભુત વિચારધારા ધરાવતા ન હોવાથી તેમની પંસદગી સાથે સૌ કોઈ સંમત નથી. જયારે આયાતી ઉમેદવારના લીધે પક્ષને પણ મોટુ નુકશાન થાય તેમ છે. માણસા વિધાનસભાના સૌ મહત્વના પદાધિકારીઓ તેમજ કાર્યકર્તાઓએ ફરજના ભાગરૂપે પક્ષના હીતમાં યોગ્ય વિચારણા અને ચિંતનના અંતે ઉમેદવારની પસંદગી કરવામાં આવે તેવી પ્રબળ લાગણી સાથે પક્ષના મોવડીઓને રજુઆત કરી છે. માણસા મત વિસ્તારના સૌ કાર્યકરો આગેવાનોએ પક્ષના હીતને ધ્યાને રાખી ઉમેદવારની પસંદગી કરવામાં આવે તેવો સુર ઉઠાવ્યો છે.

# વલાદ-લીંબડીયાના ખેડૂતોની જમીન હાઈ-વેમાં કપાતા રોષ

ગાંધીનગર જિલ્લાના લીંબડીયા-વલાદ ગામના ખેડૂતોની ખેતીલાક મહામુલી જમીનો નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા પાણીના ભાવે પડાવી લેવા માટે નોટીસો આપેલ છે. વડોદરા, સુરત-મુંબઈ જવા માટે બાયપાસ રોડનું આયોજન કરી રહેલ છે. વિસ્તારના ખેડૂતોએ પર્યાવરણને પ્રોત્સાહન આપવા વૃક્ષો વાવેલ છે. જે અંદાજે સાત હજાર વૃક્ષોનું નિકંદન નેશનલ હાઈવે ઓથોરીટી પ્રયાસ કરી રહેલ છે. જે રૂ. ૨૦૦૦ પ્રતિ ચોરસ મીટરનો ભાવ મળવો જોઈએ. પરંતુ પ્રતિ ચો.મી. રૂ. ૨૦૦ જેવી મામુલી રકમ આપવા ઓથોરીટી પ્રયાસ કરી રહી છે. ધારાસભ્યોએ વિધાનસભામાં પણ આ અંગે પ્રસ્તાળ પાડી હતી. છતાં કોઈ આ વાત સાંભળવા તૈયાર નથી. જેથી આ વિસ્તારના ખેડૂતોમાં ઉગ્ર રોષની લાગણી વ્યાપેલી છે.

## નામ બદલેલ છે

મારું જુનુ નામ પટેલ મણીલાલ ખીમજીભાઈ હતું તે બદલીને નવું નામ પટેલ મણીભાઈ ખીમજીભાઈ રાખેલ છે.

સરનામું :
૧૧, ઉમિયાનગર સોસાયટી,
ઉન્ડવા, મુ.પો.તા. ખેડબ્રહ્મા, જી.
સાબરકાંઠા, પીન - ૩૮૩૨૫૫